# GNLUમાં 'સ્માર્ટફોન પ્રાઈવેસી' પર સેમિનાર

સિટી રિપોર્ટર | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(જીએનએલયુ) માં આજે સ્માર્ટફોન પ્રાઈવેસી અને સિક્યુરિટી વિષય પર નેશનલ લેવલના સેમિનારનું આયોજન થશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરેટી ઓફ ઈન્ડિયા(ટ્રાય)ના સહયોગથી આ સેમિનારનું આયોજન કર્યું છે. ટેલિકોમ્યુનિકેશનનો વિકાસ થાય તે માટે અનુકુળ વાતાવરણ ઉભુ કરવાના હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. વક્તા તરીકે સાયબર સિક્યુરિટી એક્સપર્ટ અરુણ રામાક્રિષ્નન, ઓફેન્સિવ સિક્યુરિટી સર્ટીફાઈડ પ્રોફેશનલ અને સાયબર સિક્યુરિટી રિસર્ચર મનિષ ગુપ્તા, મનોચિકિત્સક અને વ્યસનમુક્તિના નિષ્ણાંત અને ડૉ.પ્રદીપ વાધા અને ટ્રાયના એડ્વાઈઝર સંજીવ બાજાનો સમાવેશ થાય છે.

Scanned by CamScanner

### જીએનએલયુના ડાયરેક્ટર સાંથા કુમારે કહ્યું

# દેશમાં કાયદાના શિક્ષણની ગુણવત્તા ચિંતાનો વિષય



સિટી રિપોર્ટર . અમદાવાદ

‘1700 વધુ લૉ કોલેજ સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ લૉ કોલેજો ધરાવતો દેશ છે પરંતુ દેશમાં કાયદાના શિક્ષણની ગુણવત્તા ચિંતાનો વિષય છે. ટોચની કેટલીક લૉ કોલેજો સિવાય મોટાભાગની કોલેજોમાં કાયદાના શિક્ષણની ગુણવતા નબળી છે. આ સંદર્ભમાં નિરમામાં આયોજિત કોન્કલેવમાં દેશ-વિદેશના કાયદાના શિક્ષણના તજજ્ઞો ચર્ચા કરશે. કાયદાના શિક્ષણ સુધારા માટે કાયદાનું શિક્ષણ આપતી સંસ્થાઓનું વાતાવરણ બદલવાની જરૂર છે. આ સંસ્થાઓ જ્યારે પ્રામાણિકતા, નિષ્ઠા, નિષ્પક્ષતા અને તર્કસંગતતા જેવા મૂલ્યો પર આધારિત બનશે ત્યારે જ તેઓ ખરેખર કાયદાનું સાચું શિક્ષણ વિદ્યાર્થીઓને આપી શકશે’. આ શબ્દો છે જીએનએલયુના ડાયરેક્ટર એસ. સાંથા કુમારના. જેમણે નિરમા યુનિવર્સિટીમાં આયોજિત ‘ધ ફ્યુચર ઑફ જસ્ટિસ એજ્યુકેશન ઈન સાઉથ એશિયા’ વિષય પર સેમિનારમાં આ વાત કરી હતી.

Scanned by CamScanner